## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ચિંતા ન કરો... સરકાર કાલ્પનિક ટેક્ષ બિલ્ડર પર નાખવાનાં છે તો તમારે એ કાલ્પનિક રીતે કેમ ભરવો એ અમે બતાવીશું...!**

## સૂર્યકાલના તંત્રી અને બ્રહ્મસમાજના અગ્રણી જગદીશ દવેનું અવસાન

સૂર્યકાલના તંત્રી બ્રહ્મસમાજના અગ્રણી અને જાણીતા કોંગ્રેસી અગ્રણી જગદીશ દવેનું આજે સાંજે દુઃખદ અવસાન થયું છે. જગદીશભાઈ દવેના અવસાનના સમાચારથી બ્રહ્મસમાજ પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આમ સદ્‌ગતની અંતિમ યાત્રા આવતીકાલે સવારે ૮.૩૦ કલાકે તેમના નિવાસસ્થાન ૨૧, સંસ્કાર ભારતી સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા અમદાવાદથી નીકળશે.

# શ્યામ-શુકન રેસીડન્સીમાં દુષિત પાણીથી વસાહતીઓ હેરાન-પરેશાન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર પીડીપીયુ પાસે આવેલ શ્યામ-શુકન રેસીડન્સી ખાતે છેલ્લા ૬ માસથી કંમ્પાઉન્ડમાં દુષિત પાણી ભરાઈ રહે છે. ફલેટના પાર્કીંગમાં દુષિત પાણીના ખોબોચીયા આવનાર દરેક વ્યકિતને નજર આવે છે. આ દુષિત પાણીને પગલે નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે.શ્યામ શુકનના વસાહતીઓ દ્વારા વારંવાર બિલ્ડર અને તંત્રને ફરિયાદ કરવા છતા પરિસ્થિત યથાવત રહેવા પામી છે. ત્યારે દુષિત પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા વસાહતીઓની રાત્રીની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. આ ગંદુ પાણી સત્વરે બંધ થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થતા નગર જેવડું બીજું નગર અમદાવાદ તરફ જવાના માર્ગ પર નિર્માણ પામ્યું છે. આ વિસ્તારમાં હજજારો ફલેટ, બંગ્લોઝ, અને દુકાનો બની ગઈ છે. પરંતુ આ વિસ્તારમાં આવેલ મોટાભાગના ફલેટમાં ગટરો ઉભરાવાની સમસ્યા સર્જાઈ રહેલી છે. સર્વિસ માર્ગ પર ગટરોના ગંદા પાણી ફરી વળતા આ વિસ્તારમાં ગંદકીથી ખદબદે છે.ત્યારે પીડીપીયુ પાસે આવેલ શ્યામ-શુકન ફલેટના રહેવાસીઓની પણ હાલત દયનીય બની જવા પામી છે. શ્યામ શુકનમાં અંદાજીત ૪૦૦ મકાનો આવેલા છે. જેમાં હજ્જારો લોકો વસવાટ કરે છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી આ ફલેટની પીવાના પાણીની,બાથરુમ, ટોઈલેટ, સહિતની પાઈપ લાઈનો તુટી જવા પામી છે તો કેટલીક જર્જરીત હાલતમાં છે. જેથી સતત દુષિત પાણીની ધારાઓ કંમ્પાઉન્ડમાં પડતી હોવાથી પાર્કીંગ વિસ્તાર ગંદા પાણીના સરોવરમાં ફેરવાઈ જાય છે. ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ અતિશય વધી જવા પામ્યો છે. ફલેટમાં રહેતા નાના બાળકો પણ નીચે રમવા માટે આવતા નથી. જયારે દુર્ગંધને પગેલ મોં પર રૂમાલ રાખવાની ફરજ પડે છે. વસાહતીઓના કહેવા પ્રમાણે છેલ્લા છ માસથી આ સમસ્યા સર્જાઈ છે. બિલ્ડર તેમજ તંત્રને જાણ કરવા છતા કોઈ નિરાકરણ આવ્યું નથી. ત્યારે શ્યામ શુકન ફલેટમાં રહેતા વસાહતીઓના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. જેથી આ દુષિત પાણીની લાઈનો સત્વરે બદલાય તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.



# પંચાયત કાઉન્સીલની તાકીદે બેઠક બોલાવો નહિ તો આંદોલન કરવાની ફરજ પડશે : પારધી

ગાંધીનગર, તા. ૨

રાજ્યની પંચાયત કાઉન્સીલની બેઠક તાત્કાલિક બોલાવવાની માંગ પંચાયત પરિષદ દ્વારા આજે રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી છે. છેલ્લા ૮ વર્ષથી આ કાઉન્સીલની બેઠક નહિ બોલાવી રાજ્ય સરકાર પંચાયતી રાજ વ્યવસ્થાને તોડવાની પ્રક્રિયા કરતી હોવાનો ગંભીર આક્ષેપ પરિષદના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ કર્યો છે.

તેમણે પંચાયત પ્રમુખોને પણ વિવેકાધીન ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવે તેવી માંગ કરી છે.

આજરોજ રાજ્યના તમામ જિલ્લા પંચાયતના પ્રમુખ/ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના અધ્યક્ષોની બેઠક ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ ખાતે મળેલ. આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી વિકાસના કામો ઉપર જે રૂકાવટ ઉભી કરવામાં આવે છે તે બાબતે મુખ્ય ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય પંચાયત કાઉન્સીલ કે જે પંચાયતીરાજની મહત્વની કાઉન્સીલ છે જેની બેઠક છેલ્લા આઠ વર્ષથી રાજ્ય સરકારે બોલાવેલ નથી તે તાકીદે બોલાવવા રજુઆત કરવામાં આવી, રાજ્ય સરકાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટી અને રેતી કાંકરની ગ્રાન્ટ સંદર્ભે વિકાસ કમિશનર તરફથી તા. ૨૪-૧-૧૭થી સી.સી. રોડના કામ હાથ ન ધરવા તેવી સુચના આપવામાં આવી છે તે તાકીદે પુનઃ વિચારણા કરવા મંત્રી પંચાયતને રજુઆત કરવામાં આવી. જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ અને સામાન્ય સભા કે અન્ય સમિતિ દ્વારા નીચે નિયમો મુજબ જે ઠરાવો થયેલ છે તેને રાજ્ય સરકાર પંચાયત અધિનિયમની કલમ-૨૪૯ હેઠળ રદ કરવામાં અથવા તો પ્રતિચ્છેદ કરવા અંગેની કાર્યવાહી તાકીદે બંધ કરવા રજુઆત કરવામાં આવી. પંચાયતોને સુપ્રત થયેલ યોજનાના સફળ અમલીકરણમાં અધિકારી દ્વારા પદાધિકારીને સહકાર આપવામાં આવતો નથી તે અંગે રજુઆત હાથ ધરવામાં આવી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ મુજબ સ્થાન આપવા તેમજ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પદાધિકારીઓની જે અવગણના કરવામાં આવે તે તેની રજુઆત મંત્રીને કરવામાં આવી. તેમજ રાજ્યના જિલ્લા પંચાયતના પ્રમુખોને કલેક્ટરોને જેમ વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાની રજુઆત કરવામાં આવી.

આ ઉપરાંત આગામી સમયમાં મહામહિમ રાજ્યપાલશ્રીનો ટાઈમ મેળવી નજીકના ભવિષ્યમાં પંચાયતના પ્રશ્નો સંદર્ભે રજુઆત કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યુ. તેમજ પંચાયતના પ્રશ્નો સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા તાકીદે હકારાત્મક વલણ અપનાવવામાં નહિ આવે તો ગ્રામીણ કક્ષાએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ અને ગ્રામ પંચાયતના સરપંચોને સાથે રહી ગ્રામીણ કક્ષાએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું અને ના છૂટકે જો જરૂરી પડે તો કોર્ટમાં જવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કરોડો રૂપિયા ખર્ચ કરીને અત્યંત આધુનિક બનાવાઈ છે. જિલ્લાભરમાંથી નાગરિકો બિમાર પડતા પોતાનું સ્વાસ્થ્ય સારું થાય તે માટે હોસ્પિટલ આવે છે. પરંતુ આ હોસ્પિટલ સંકુલમાં આવેલ આઠ માળની ઈમારતમાં સ્થિત પાણીની ટાંકી જ ગંદકીથી ખદબદી રહી છે ત્યારે સ્વસ્થ થવા માટે આવતા નાગરીકો માટે આ હોસ્પિટલ બિમારીનું ઘર બની રહે તો નવાઈ નહીં. પાણીની ટાંકીની આસપાસ આટલી લીલ (શેવાળ) છે તો ટાંકીની અંદર શું હાલત હશે? તે વિચાર માત્રથી કાંપી જવાય છે. તો હોસ્પિટલની પાણીની ટાંકી પણ નિયમિત સાફ થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

## નવી યોજનાઓના ઘડતર માટે બેઠકોનો દિવસભર ધમધમાટ

ગાંધીનગર, તા. ૨

રાજ્યની વાર્ષિક યોજનાના ઘડતર માટેની પ્રક્રિયાઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. નવી યોજનાઓને આખરી ઓપ આપીને મંજુરીની મહોર મારવામાં આવશે.

નાણાં વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૦મી ફેબ્રુઆરીથી અંદાજપત્ર સત્ર શરૂ થઈ રહ્યું છે. ત્યારે આગામી વર્ષ માટેની વાર્ષિક યોજનાના મુસદ્દાને આખરી કરવા માટે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

આ વખતે અંદાજપત્રની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પરંતુ વાર્ષિક યોજના તૈયાર કરવામાં આવનાર છે. જેમાં નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે તેમજ વિભાગોને તે માટે ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવશે.

# ગ્રામસભામાં શિક્ષણ-આરોગ્યની સેવાઓના વિકાસની સાથે કૃષિ-રોજગારને અગ્રતા આપી

ગાંધીનગર, તા.૨

ગ્રામસભા અભિયાનના માધ્યમથી વિકાસનો અભિગમ જાણવાના પ્રયાસોમાં ગ્રામીણ પ્રજાએ શિક્ષણ સુધારણાને પ્રથમ પસંદગી આપી છે. આ પછી આરોગ્ય અને ત્રીજા ક્રમે કૃષિ તેમજ ચોથા સ્થાને રોજગારીની વાત કહી છે. શહેરીકરણ ને છેલ્લી અગ્રતા ગ્રામજનોએ દર્શાવી છે.

ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણ ગુણવત્તાસભર તેમજ સુવિધાસભર મળે તે માંગ હવે પ્રબળ બની રહી છે. આ પછી આરોગ્ય સેવાના સઘનીકરણ પર ભાર મુકયો છે. સાથે ગ્રામ્ય વિસ્તાર પોતાની ઓળખ શહેરીકરણના રૂપાળા અંચળા હેઠળ ગુમાવવા નથી માગતા એ પણ સ્પષ્ટ જણાવી દીધું છે.

ભારત સરકારના નીતિ આયોગની ખાસ સૂચના અન્વયે ૨૬મી જાન્યુઆરીએ દેશભરના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરાયું હતું અને ૨૦૩૨ સુધીના વિકાસ માટે પાંચ ક્ષેત્રોના અગ્રતાક્રમ માંગ્યા હતા.

જિલ્લાના ૩૦૩ ગામોમાં આ અભિયાન સંપન્ન થયા બાદ તંત્ર દ્વારા આ અંગેનો અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે. શિક્ષણમાં સુધાર માટે ૧૩૨ પંચાયતો એ પ્રથમ ક્રમ

**નીતિ આયોગની સૂચનાને પગલે ૨૬મી જાન્યુઆરીએ યોજાયેલી ખાસ ગ્રામસભામાં પ્રજામત વ્યકત થયો**

આપી તેના પર અગ્રતા બતાવી છે.

શિક્ષણ ભૂખ ગ્રામ્ય વિસ્તારમાં ખુલી છે અને તે પણ ગુણવત્તાસભર બને સુવિધાસભર હોય તેવો અભિપ્રાય વ્યકત કર્યો છે. પ્રાથમિક શિક્ષણ માટે શનિવારે શિક્ષણ વિભાગ દ્વારા એક ચિંતન શિબિર પણ મહાત્મા મંદિરમાં યોજાઈ છે તે એક ઉલ્લેખનીય બાબત છે.

ગ્રામીણ વિસ્તારની પ્રજા એ આરોગ્યની સેવાઓ જે હાલ છે તેના સઘનીકરણના આગ્રહ સાથે ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિના સમયે તબીબ મળતા નહિ હોવાની લાગણીનો પડઘો પાડતાં બીજા ક્રમની પસંદગી દર્શાવી છે. કૃષિ વિકાસ અને રોજગારને ત્રીજા અને ચોથા ક્રમની પસંદગી અપાઈ છે.

આમ ગ્રામીણ વિસ્તાર પોતાની ઓળખ ગુમાવવાના મૂડમાં નથી એ વાત સ્પષ્ટ થાય છે.

# છઠ્ઠી ફેબ્રુઆરીએ વિરોધ પ્રદર્શનમાં રાજયના આરએનટીસીપી કર્મચારીઓ જોડાશે

ગાંધીનગર, તા.૨

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં રાજયના ૨૭હજાર કરારબધ્ધ કર્મચારીઓને કાયમી કરવાનો નિર્ણય જાહેર કરાયો છે. જો કે સરકારની આ જાહેરાત બાદ ઉચ્ચ અધિકારીઓની ઢીલી નીતિના કારણે હજુ સુધી આ કર્મીઓને લાભ ન મળતા સમગ્ર રાજયના આર.એન.ટી.સી.પી. કરારબધ્ધ કર્મચારીઓ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ ગાંધીનગરના સે-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શનમાં સામેલ થશે.

ગુજરાત રિવાઈઝડ નેશનલ ટીવી કન્ટ્રોલ પ્રોગ્રામ કરારબધ્ધ કર્મચારીઓ આ કાર્યક્રમમાં સરકારના નિર્ણયનું સમર્થન કરી તેને ટેકો આપવા સાથે સૌથી જુના કરારબધ્ધ કર્મચારીઓ તરીકે આ જાહેરાતના સંદર્ભે પ્રાથમિકતા મેળવવા, ધ્યાનાકર્ષક અભિવ્યકિતની રજુઆત સાથે સરકારનો આભાર માનવાના હેતુથી સત્યાગ્રહ છાવણી ખાતેના પ્રદર્શનમાં જોડાશે. આ સાથે સરકારના આ નિર્ણય બાદ પણ ઉચ્ચ અધિકારીઓના કરારબધ્ધ કર્મચારીઓ પ્રત્યે દમનકારી વલણનો વિરોધ દાખવવા ગુજરાત આરએનટીસીપીના તમામ કરારબધ્ધ કર્મચારીઓ ઉપસ્થિત રહી શાંતિપૂર્વક પ્રતિક ઉપવાસ-ધરણાંનો કાર્યક્રમ આપશે. આ ધરણાં-પ્રદર્શનનો હેતુ ઉચ્ચ અધિકારીઓના દમનકારી વલણ પ્રત્યે સરકારનું ધ્યાન દોરી યોગ્ય પ્રાર્થના કરશે. જેથી આ અધિકારીઓના વલણથી સરકારની ખરડાતી છબીની વાસ્તવિકતા પ્રદર્શિત થઈ શકે.જ્ આ અંગે તેઓ નિયત પ્રતિનિધિત્વ થકી જવાબદાર ઉચ્ચ અધિકારીઓને યોગ્ય અને ભ્રષ્ટાચાર મુકત કાર્યવાહી કરવા આવેદનપત્ર સુપરત કરશે. આ કાર્યક્રમના કારણે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ ગુજરાત આરએનટીસીપી કર્મચારીઓની ફરજ પર ગેરહાજરી રહેશે તે માટે કર્મચારી સંઘે સમાજના તમામ વર્ગની આગોતરી માફી પણ માંગી છે.

# શહેરમાં પ્રથમ થીમ બેઝ 'ફન એન્ડ ફીસ્ટ' એમ્યુઝમેન્ટ પાર્ક

## સાત્વિક ભોજન અને મીની ગોલ્ફ, પોઈન્ટ બોલ સહિત ઈન્ડોર અને આઉટડોર ગેઈમ્સ-ટ્રેન-બોટીંગ : ફૂડકોર્ડ-રેસ્ટોરન્ટ-બેન્કવેટ-વિશાળ પાર્ટી પ્લેસ-ફીશ સ્પા સહિત અન્ય સુવિધાઓ : મુલાકાતીઓને ફ્રી એન્ટ્રી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે ગુજરાતમાં સૌ પ્રથમવાર થીમ બેઝ એમ્યુઝમેન્ટ પાર્ક 'ફન એન્ડ ફીસ્ટ'નો પમી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ પ્રારંભ થઈ રહ્યો છે. ન્યૂ ગાંધીનગરના કૂડાસણ વિસ્તારમાં ગાંધીનગર-કોબા માર્ગની તદન નજીક મોકાના સ્થળ નિર્માણ પામેલ આ એમ્યુઝમેન્ટ પાર્કમાં ફૂડકોર્ટ, રેસ્ટોરન્ટ, બેન્કવેટ હોલ, ઈન્ડોર અને આઉટડોર ગેઈમ્સ સહિત વિવિધ મનોરંજન સુવિધાઓ પણ ઉપલબ્ધ બનશે.

ફન એન્ડ ફીસ્ટના ડાયરેક્ટરો શ્રી સંદીપ શાહ અને શ્રી પ્રવેશકુમારે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે દસ હજાર ચો.મી.ના વિશાળ એરિયામાં પથરાયેલા આ પાર્કમાં ગ્રાન્ડ સનથી લઈ ગ્રાન્ડ ફાધર એટલે કે આબાલવૃદ્ધ સૌ માટે અનુરૂપ મનોરંજન સાથે ભોજન-અલ્પાહારની સુવિધા રાખવામાં આવી છે. જેમાં ગુજરાતમાં પ્રથમવાર દિલ્હીની ચેઈન રેસ્ટોરન્ટ સાત્વિકો રેસ્ટોરન્ટમાં નામ પ્રમાણે સંપૂર્ણ સાત્વિક અને ઓનીયન-ગાર્લિક વિનાની ખાણી પીણીની આઈટમો અને કોલ્ડ્રીંકસને બદલે પ્યોર બેવરેજીસ તથા કીડસ સ્પેશ્યલ મેનું રાખવામાં આવેલ છે. જયારે ફૂડ કોર્ટમાં સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, ગુજરાતી અને પંજાબી વાનગીઓ ઉપરાંત પ્યોર નેચરલ આઈસ્ક્રીમના સ્વાદની મઝા પણ માણી શકાશે. રેસ્ટોરન્ટ અને ફૂડકોર્ટની સાથે સાથે સીમિત પ્રસંગોની ઉજવણી માટે ૧૫૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતા બેન્કવેટ હોલ તેમજ ખુલ્લા ભાગમાં ૧૫૦૦ જેટલી વ્યક્તિઓની ક્ષમતા ધરાવતા પાર્ટી સ્પેસની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

સેલીબ્રેટ ધ હેપીનેસ 'ખુશીઓને માણો'ના સ્લોગ્ન સાથે પ્રારંભાયેલ આ એમ્યુઝમેન્ટ પાર્કમાં સપરિવાર માણી શકાય એવા ૧૦ ફન હાઉસ છે. જેમાં ૩૦ ઈન્ડોર અને ૧૦ આઉટડોર ગેઈમ્સનો સમાવેશ પણ થાય છે. ઉલ્લેખનીય છે કે મોલથી વધુ સારી ક્વોલીટી, હાઈજીન સ્ટાન્ડર્ડ ધરાવતી સેફટી ગેમ્સ આ પાર્કમાં છે. નાઈન હોલ, મીની ગોલ્ફ, ક્રિકેટ, આર્ચરી, પેઈન્ટ બોલ, સ્પાઈડર મેન, મીની ટ્રેન આ પાર્કના વિશેષ આકર્ષણરૂપ છે. જયારે સાપ સીડી તેમજ ગ્રુપીંગમાં વિવિધ મનોરંજક કાર્યક્રમોના આયોજન માટે એમ્પીથિયેટર પણ ઊભું કરવામાં આવ્યું છે. સાથે નાનાં મોટાં સહુ પાર્કમાં બોટીંગ અને ઝોબીંગની મસ્તી-મઝા માણી શકશે. જયારે રોક કલાઈમ્બીંગ, ઝીપ લાઈમ સહિતની અન્ય એડવેન્ચર ગેઈમ્સની સુવિધા પણ ટૂંક સમયમાં ઊભી કરવામાં આવનાર છે. મુલાકાતીઓ **Relaxation** હળવાશ મેળવી શકે તે માટે ગાંધીનગરમાં સૌ પ્રથમવાર ફ્રી ફીશ સ્પા તેમજ માથાથી લઈ તળીયા સુધીના ભાગમાં માણસથી નહી પરંતુ મશીનથી મસાજ થઈ શકે તેવી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. પાટનગરના પ્રવેશદ્વારે ખુલ્લા નૈસર્ગિક માહોલ વચ્ચે નિર્માણ પામેલ ફન એન્ડ ફીસ્ટ એમ્યુઝમેન્ટ પાર્ક ગાંધીનગર તેમજ આસપાસના રહીશોને ઘરઆંગણે ખાણીપીણી, મનોરંજન સાથે નાના-મોટા શુભપ્રસંગોની ઉજવણીના આયોજન માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે. એમાં કોઈ શંકા નથી એક તરફ ગાંધીનગરને સ્માર્ટ સીટી તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસો શરૂ થયા છે ત્યારે **Celebrate the happiness** ના સ્લોગનને સાચા અર્થમાં સાર્થક કરતો ફન એન્ડ ફીસ્ટ પાર્ક પણ સહુ માટે સ્માર્ટ- નવલું નજરાણું અને ગાંધીનગરનું ઘરેણું બની રહેશે.







## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે યોજાયેલ રવિ ઋતુ ખેડૂત સંમેલન અને કૃષિ પ્રદર્શન

ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલ રવિ ઋતુ ખેડૂત સંમેલન તેમજ કૃષિ પ્રદર્શનમાં જીલ્લાના જુદા જુદા ગામોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂત ભાઈઓ, મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓને રવિ ઋતુના વિવિધ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ, ખાતર વ્યવસ્થાપન, શાકભાજી અને ફળ પાકોમાં મૂલ્યવર્ધન તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે વૈજ્ઞાનિકો અને અધિકારીશ્રીઓ દ્વારા વિસ્તૃતમાં માહિતી આપવામાં આવેલ. આધુનિક કૃષિ તકનીકોને ખેડૂતો જીવંત નિહાળી શકે તે હેતુસર સરકારી, અર્ધ સરકારી તેમજ ખાનગી કંપનીઓના કૃષિ સાધનો તેમજ તક્નીકોનું પ્રદર્શન રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ડો એ. કે. પટેલ, ઘઉં સંશોધન કેન્દ્ર, વિજાપુર તેમજ અતિથી વિશેષ તરીકે રાંધેજાના નવનિયુક્ત સરપંચશ્રી જશુજી પરમાર ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાની વેબસાઈટ www.kvkgandhinagar.rog લોન્ચ કરવામાં આવેલ.